# ગઝલ–સંધ્યા

–સંધ્યા ભટ્ટ

**.1.**

વીતી ગયેલી પળ વીશે તો આખરે શું કહી શકો ?
વરસ્યાં ન તે વાદળ વીશે તો આખરે શું કહી શકો ?

સંવેદનાઓ કેટલી વહેતી કરી જેના ઉપર
પહોંચ્યા ન તે કાગળ વીશે તો આખરે શું કહી શકો ?

જીવન હતું દાહક છતાંયે પુષ્પ સૌ આપી ગયાં,
મીરાં, અખો, શામળ વીશે તો શું કહી શકો ?

સરકી જવાની શક્યતાઓ ખુબ છે છતાં,
નીશ્ચલ, સરલ ઝાકળ વીશે તો આખરે શું કહી શકો ?

આંસુની સાથે વહી શકે ને હર્ષથી ચમકી ઉઠે,
નયનોનાં એ કાજળ વીશે તો આખરે શું કહી શકો ?

**.2.**

એક નકશીકામ કરવું જોઈએ,
આંસુમાં અક્ષરથી તરવું જોઈએ.

બાગમાં ફુલોની ગોષ્ઠી માણવા,
વાયરાની જેમ ફરવું જોઈએ.

ભાવનાથી મેં સજાવ્યું પાત્ર આ,
ભાવનાશીલને જ ધરવું જોઈએ.

હું સહજતાને પામું તો પછી,
નાવ થઈ જળમાં ઉતરવું જોઈએ.

જાણવું છે તને શું મૃત્યુ વીશે ?
તો પછી જાતે જ મરવું જોઈએ.

**.3.**

જીન્દગીના આગવા આ દ્વાર પર ઉભા અમે,
ઘર અમારું વાસવા આ દ્વાર પર ઉભા અમે.

અહીં સમયની લ્હેરખીઓ કેટલી આવી ને ગઈ,
એ ક્ષણો વાગોળવા આ દ્વાર પર ઉભા અમે.

કેટલાં રંગોથી જીવનને અમે શણગાર્યું'તું,
નેજવાથી ભાળવા આ દ્વાર પર ઉભા અમે.

ઓરડાઓને અમે અળખામણા લાગ્યા હવે,
જાતને તરછોડવા આ દ્વાર પર ઉભા અમે.

મીત્ર–દુશ્મન, લીલી–સુકી કેટલાં અહીં દ્વંદ્વ છે !
એ બધાંથી પર થવા આ દ્વાર પર ઉભા અમે.

**.4.**

વીચારો આવતાં રહે છે, જતાં રહે છે હવામાં પણ...
મને રડવુંય આવે છે અને રડું છું મઝામાં પણ.

રચાયાં કેટલાં મંત્રો, વેદો, ગ્રંથો અને શાસ્ત્રો,
થયાં છે કોઈનાં પ્રવચન અહીંની આ સભામાં પણ.

ક્ષણેક્ષણે આપતી રહે છે પરીચય જીન્દગીનો દોસ્ત,
મળી છે કેટલી ભેટો, કંઈક પામ્યા સજામાં પણ.

મળ્યું છે આજ એવું જે લઈ મ્હેફીલમાં બેઠા છે,
અમે તો એકલા છીએ અને પાછા બધામાં પણ.

થયો વ્યાપાર એવો કંઈ હ્રદયમાં લાગણીઓનો,
અમે પણ ખોટ ખાધી છે અને છીએ નફામાં પણ.

**.5.**

જીન્દગીને ઉદાસ જોઈ છે,
મેં નદીનીય પ્યાસ જોઈ છે.

સુખ ને દુખ બેય આપે જે,
ખુદમાં વસતી એ ફાંસ જોઈ છે.

જ્યાં હૃદયનું પ્રવર્તે સામ્રાજ્ય,
લાગણી બનતી દાસ જોઈ છે.

ફુલને જોઈને કહી શકશો,
કે અમે તો સુવાસ જોઈ છે ?!

ગર્વથી જોશે પુર્ણીમાને, પણ
કોણે રસથી અમાસ જોઈ છે ?

.6.

કેમ પીડા આવી પારાવાર દે ?
આંસુઓ તું કેમ અનરાધાર દે ?

બેઉ કાંઠા સાવ મુકી વેગળા,
કેમ અમને છોડી તું મઝધાર દે ?

પામવાની હોય ત્યાં મુક્તી જો,
તો પછી તું કેમ આ સંસાર દે ?

સુખની આપે સાવ ખાલી ઓરડી,
દર્દનો ભરચક પણ દરબાર દે.

સામટાં સૌ કાપી નાંખે બંધનો,
તીક્ષ્ણ એવી ધારની તલવાર દે.

.7.

તરસ વીશે લખી તો જો,
અગન વીશે લખી તો જો.

મટી ઝરણું ખડક બનતાં,
બરફ વીશે લખી તો જો.

ઉકેલાશે ઘણી ગાંઠો
વતન વીશે લખી તો જો.

સતત વહેતાં સમંદર સમ,
નયન વીશે લખી તો જો.

અલખની સાધના કરતાં
શબદ વીશે લખી તો જો.

પ્રગટ થાવા મથે છે તે
ગઝલ વીશે લખી તો જો.

**.8.**

આવી જવું અચાનક મોસમ સમું તમારું,
ચાલી જવું અવાચક વાદળ સમું તમારું.

આવો પવનલહેરી જેવું તમે જીવનમાં,
ઝબકી જવાનું બે ક્ષણ તારક સમું તમારું.

કોઈ મધુરું સપનું સરકી જશે હસીને,
રણકી જવાનું છમછમ ઝાંઝર સમું તમારું.

મોજાંની જેમ આવી વીખરાઈ જાઓ પળમાં,
અસ્તીત્વ છે પરંતુ સાગર સમું તમારું.

છો દુર તે ગગન પર ને તોય સર્વવ્યાપી,
અદ્ ભુત સ્પર્શવાનું સુરજ સમું તમારું.

**.9.**

## સમય તો થયો (પૃથ્વી)

સવાર ઉઘડી, ક્ષણીક તમ આ ગયું તો ખરું,
બધું ગળી જતું કરાલ સૃપ શું ટળ્યું તો ખરું.
ચલો સરસ આ પ્રભાત ! શમણું ફળ્યું આખરે
બધીય દીશથી છુટ્યાં સકલ એ તુટ્યાં બંધનો.

ઘણા સમયથી નીરભ્ર નભ શું કશું સાંપડ્યું ?
વળી મધુર ને સદા વરસતું સ્મીતેય ક્યાં મળ્યું ?
હવે હૃદયમાં ભરીશું, નરવી હવા પ્રેમની,
અને ગગનમાં ઉડીશું, મળશે ધુરા ક્ષેમની.

પરંતુ સપનું મહામનુજે જોયું તે ક્યાં ફળ્યું ?
સમસ્ત જગને અલભ્ય પય તેં ધર્યું તે ઢળ્યું.
નદી રુધીરની વહી, બધીર કાં થયો દેશ આ ?
સવાલ તરતા રહ્યા, સરલ ના મળ્યા ઉત્તરો.

બહુરત્નની ધરા ઉપર શું મળે એક કે ?
હવે સમય તો થયો, પ્રગટ ના થતો તોય તે !

–સંધ્યા ભટ્ટ–

કવયીત્રી સંપર્કઃ ‘સ્નેહલ’, પ્રજાપતી વાડી સામે, ગાંધી રોડ, બારડોલી–394 601, જીલ્લો– સુરત
ફોન– 02622-225 536 મોબાઈલ– 982 533 7714
**E mail:** sandhyanbhatt@gmail.com

**સર્જનઃ ‘સ્પર્શ આકાશનો’ (કાવ્ય સંગ્રહ), પ્રકાશક તથા પ્રાપ્તીસ્થાનઃ આદર્શ પ્રકાશન, જૈન દહેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ, મુલ્યઃ** 80 **રુપીયા**

@

**‘સન્ડે ઈ–મહેફીલ’**ના આ **ગઝલ–અંક**ના અતીથી **સંપાદક** અને **સંકલનકાર** સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..... **ઉત્તમ ગજ્જર..**

@@@

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** પાંચમું **– અંકઃ** 188 – March 28, 2010

**‘ઉંઝાજોડણી’**માં સાભાર અક્ષરાંકનઃ **સુનીલ શાહ** - sunilshah101@gmail.com

@@@@@

All the Articles of previous **'SUNDAY eMAHEFIL's** can easily be downloaded from our website:

http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM